ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૧૯-૨૦ માટેની શેરમૂડી ફાળાની રૂ.૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વવજ/૧૦૨૦૧૭/૮૪૬/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૧/૧૧/૨૦૧૯

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/03/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃબજટ/ ૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃબજટ/ ૧૦૨૦૧૮/૧૨૦૩૧૯/બ

(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૧/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃવિજાક/બો.નિ/ ૨૦૧૯-૨૦/૭૬૧

**આમુખઃ-**

વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) પરના આ વિભાગના ઠરાવોથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (3) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી આ બજેટ જોગવાઇ મુજબની રૂ.૧૦૦.૦૦ લાખની શેરમૂડી ફાળાની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબની રૂ.૧૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા એકસો લાખ પુરા)ની શેરમૂડી ફાળાની ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(3) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૪૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય, પેટા સદર- ૦૧ ડીએનટી-૯ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને શેરમૂડી ફાળો હેઠળ ઉધારવો તથા તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૬/૧૧/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય પી. ચોટલિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર.

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(3) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સિલેકટ ફાઇલ-૨૦૧૯